# સંશોધન નિયામકશ્રીની કચેરી
## કામધેનુ યુનિવર્સિટી

(અમારૂ ધ્યેય: સર્વ જીવોનું કલ્યાણ)
(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

ડૉ. ડી. બી. પાટીલ
સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ઇ-મેઈલ: dr@ku-guj.com
ફોન નં.: ૦૭૯ – ૨૩૨૨૦૭૧૪


વંચાણે લીધા :- કુલસચિવશ્રીની કચેરીના પરિપત્ર ક્રમાંક કાયુ/રજી/વહીવટ/દિવાળી રજા/૩૨૫૮/૨૦૨૦ તા.૨૩/૧૦/૨૦૨૦

## :: પરિપત્ર ::

કામધેનુ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધા-૧થી યુનિવર્સિટીમાં દિવાળીના તહેવાર નિમિતે તા.૧૪-૧૧-૨૦૨૦ થી તા.૧૭-૧૧-૨૦૨૦ સળંગ રજાઓ હોઈ યુનિવર્સિટીની માલ-મિલ્કતની સુરક્ષા અને સલામતી જળવાઈ રહે તે હેતુસર નીચેની બાબતો ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

(૧) તમામ કચેરીની બિલ્ડીંગોની ઉપર તથા બહારની બાજુએ મુકવામાં આવેલ લાઈટો રાત્રિના સમયગાળા દરમ્યાન ચાલુ રાખવા અંગેની વ્યવસ્થા કચેરી કક્ષાએ ગોઠવવાની રહેશે તેમજ કચેરીના બારી-બારણાં ખુલ્લા રહી ન જાય તેની સંપૂર્ણ તકેદારી રાખવાની રહેશે.

(૨) આ રજાઓના સમયગાળા દરમ્યાન સલામતીના પગલાં રૂપે યુનિવર્સિટીની સિક્યુરિટી એજન્સી/ સિક્યુરિટી ગાર્ડને આગોતરી લેખિત જાણ કરવાની રહેશે તથા સિક્યુરિટી એજન્સી/ સિક્યુરિટી ગાર્ડનો મોબાઈલ નંબર સલામતી હેતુસર લેવાનો રહેશે.

(૩) યુનિવર્સિટીના કોલેજ/કેન્દ્રના કેમ્પસ ખાતેના જાહેર રસ્તા તથા એપ્રોચ રોડ ઉપર સ્ટ્રીટ લાઈટો રાત્રિ દરમ્યાન ચાલુ રાખવાની વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી દ્વારા ગોઠવવાની રહેશે. જો કોઈ આવી લાઈટો બંધ/ખરાબ થઇ ગયેલ હોય તો સ્થાનિક કક્ષાએ અથવા કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરી આગળની કાર્યવાહી હાથ ધરવી.

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

જા.નં.કાયુ/સં.નિ./યુ-૨/એ-૩૫/ ૧૨૫૨ /૨૦૨૦ તા.૦૩/૧૧/૨૦૨૦

નકલ રવાના :

- સર્વે યુનિટ/ સબ યુનિટ વડાશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- કાર્યપાલક ઇજનેરશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કામધેનુ યુનિવર્સિટી, તરફ સદર પરિપત્ર વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર.